# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2025-26**

Name : - ______________________ Std.:- V - ________

Roll No. :-________ Worksheet No.TA-1-01 Date : - __________

**Ch: પાઠ -૬ મહારાણા પ્રતાપ અને ચેતક, ભારતમાતાનાં બાળકો, તરણેતરનો મેળો**

**ગદ્યાંશ**

ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેને સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. ભારતને અન્ય દેશોથી અલગ પાડતી કુદરતી સીમા છે. તેની ત્રણ બાજુ વિશાળ દરિયો અને ઉત્તરે દુનિયાનો સૌથી ઊંચો પર્વત હિમાલય પર્વત છે. હિમાલયમાંથી અનેક નદીઓ નીકળે છે. ભારતને સમૃદ્ધ કરે છે. ગંગા ,યમુના, બ્રહ્મપુત્ર વગેરેનું જન્મસ્થાન હિમાલય છે. ભારતની નદીઓએ અનેક ફળદ્રુપ મેદાનો બનાવ્યા છે. 'પૃથ્વી પરનું સ્વર્ગ' ગણાતું કશ્મીર હિમાલયની ગિરિમાળામાં આવેલું છે. તેનો કુદરતી સૌંદર્ય અદ્દભૂત છે. ભારતમાં દિલ્હી, કોલકત્તા, મુંબઈ ,ચેન્નઈ ,અમદાવાદ જેવા મોટા શહેરો છે. આઝાદી પછી આ શહેરોનો ઘણો ઔદ્યોગિક વિકાસ થયો છે. ભારતને રામાયણ અને મહાભારત જેવા અદ્દભૂત ગ્રંથોનો વારસો મળ્યો છે. ભારત દેશમાં મહાન દેશનેતાઓ વૈજ્ઞાનિકો,કવિઓ આ દેશનો અમર વારસો છે.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) ભારતને અન્ય દેશોથી અલગ પાડતી કુદરતી સીમા કઈ છે?

ભારતને ત્રણ બાજુ વિશાળ દરિયો અને ઉત્તરે દુનિયાનો સૌથી ઊંચો પર્વત હિમાલય પર્વત છે.

૨) હિમાલયની ગિરિમાળામાં શું આવેલું છે?

હિમાલયની ગિરિમાળામાં કશ્મીર આવેલું છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

૧) ભારતને રામાયણ અને મહાભારત જેવા અદ્દભૂત ગ્રંથોનો વારસો મળ્યો છે.

૨) ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.

**પ્રશ્ન - ૨) પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) ચેતક ૩૧૮ કિલો નું વજન ઉઠાવનાર મહાપરાક્રમી ઘોડો હતો.

૨) ભારત માતાને તેમના સંતાનો વધુ વહાલા હતા.

૩) કવિતામાં શિવાજી ને શૂરવીર કહ્યા છે.

૪) વિનોબાજી દેવ પ્રકાશ કહેવાય.

૫) લંગડા માટે આપણે ખોડીલું શબ્દ કહીએ છીએ.

૬) એક માન્યતા પ્રમાણે દ્રૌપદીનો સ્વયંવર તરણેતર મા યોજાયો હતો.

૭) ચેતક આંબલીના ઝાડ નીચે પડી ગયો હતો.

૮) મહારાણા પ્રતાપે ત્રાટક ને પોતાના નાનાભાઈ શક્તિસિંહ ને આપ્યો.

**પ્રશ્ન - 3) નીચે આપેલા વાક્યો માંથી સાચા વાક્યો ની સામે [✓]ખરાની અને ખોટા વાક્યોની સામે [×]ખોટા ની નિશાની કરો.**

૧) મહારાણા નો રાતા ઘોડા ને અસવાર ભાષામાં સંદેશો સંભળાયો. [ × ]

૨) કુંડમાં ગંગા નદી પ્રગટ થાય છે. [ ✓ ]

3) મહારાણા પ્રતાપ ના નાનાભાઈ શક્તિસિંહ મુગલો તરફથી લડતા હતા. [ ✓ ]

૪) કવિતામાં પક્ષીઓની ભોમકા જણાવી છે. [ × ]

૫) ત્રાટક લાંબી છલાંગ મારનારો ઘોડો હતો. [ × ]

૬) ચેતકની સમાધિ આજે પણ હલ્દીઘાટીના છે. [ ✓ ]

૭) બાળકો પોતપોતાની છત્રી નીચે બેઠાં હોય છે. [ × ]

૮) સરકાર દ્વારા રૂરલ ઓલમ્પિક નું આયોજન કરવામાં આવે છે. [ ✓ ]

**પ્રશ્ન - ૪) પાઠને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) આપણા ધાર્મિક ગ્રંથ કયા છે?

આપણા ધાર્મિક ગ્રંથ રામાયણ અને મહાભારત છે.

૨) અત્યારે તરણેતરના મેળાનું આયોજન કોણ કરે છે?

અત્યારે તરણેતરના મેળાનું આયોજન ગ્રામપંચાયત કરે છે.

3) બે પહાડ વચ્ચેના અંતરનું સ્થળ કઈ જગ્યા પર આવેલું છે?

બે પહાડ વચ્ચેના અંતરનું સ્થળ હલ્દીઘાટી પર આવેલું છે.

૪) ચેતક ઘોડો મહારાણા પ્રતાપને કયા રાજ્યમાંથી ભેટમાં મળેલો હતો?

ચેતક ઘોડો મહારાણા પ્રતાપને ગુજરાત રાજ્યમાંથી ભેટમાં મળેલો હતો.

૫) તરણેતરના મેળામાં કાઠિયાવાડની કઈ સંસ્કૃતિ માણવા માટે શ્રેષ્ઠ છે?

તરણેતરના મેળામાં કાઠિયાવાડની સંસ્કૃતિ, પહેરવેશ, હસ્તકળા, લોકનૃત્યો અને લોકસંગીત માણવા માટે શ્રેષ્ઠ છે.

૬) ઋષિમુનિઓ ગંગાનું પ્રાગટ્ય કઈ રીતે કરે છે?

ઋષિમુનિઓ ગંગાનું પ્રાગટ્ય પોતાના યોગશક્તિથી કરે છે.